Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER NO. B. 156

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## The Jaina Dharma Prakasha.

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥

પુસ્તક ૨૧ મું. અષાડ. સંવત ૧૯૬૧ અંક ૪ થો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
ભાવનગર

વિષયાનુક્રમ.

૧ મતાગ્રહતા—સૂર્યયશા. ૭૭
૨ પ્રવાસ વર્ણન. ૮૭
૩ શ્રી બનારસ જૈન પાઠશાળાનો વાર્ષિક મહોત્સવ. ૯૧
૪ ભારત વર્ષીય જૈન અનાથાશ્રમ-હીસાર. ૯૩
૫ પુસ્તકોની પહોંચ ૯૩
૬ શ્રી સુરતમાં શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળામાં થયેલો અપૂર્વ મેળાવડો. ૯૫
૭ જૈન મ્યુનીસીપાલીટીને અગત્યની જાહેર ખબર. ૯૬

વાર્ષિક મૂલ્ય રૂ ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનિયું રખડતું મૂકીને આશાતના કરવી નહીં.

### ભેટનો નિર્ણય.

## પ્રતિક્રમણ હેતુ

"કિંચિત્ હેતુગર્ભ પ્રતિક્રમણક્રમવિધિ" એ નામનો શ્રી જયચંદ્રગણિ કૃત ગ્રંથ કે જે જૈનબંધુઓને અત્યંત ઉપયોગી છે તેનું આદ્યંત ભાષાંતર કેટલાક વધારા સાથે તૈયાર કરીને અમે ઘણા સુંદર ટાઈપમાં છપાવવા માંડેલ છે. જેને છપાઈ રહેતાં હજુ ત્રણ માસ થશે તે પાકા બાઈંડીંગથી બંધાવીને આપવાનું મુકરર કરેલ છે પરંતુ બુકનું પ્રમાણ વધી જવાથી અને કિંમત લગભગ આઠ આના થવાની હોવાથી ગયા વર્ષની અને ચાલુ થયેલા વર્ષની બેઉની ભેટ આપવાનું મુકરર કરેલું છે. તૈયાર થયેથી તરત મોકલવામાં આવશે પણ નવા વર્ષનું લવાજમ મોકલાવવાનું ધ્યાનમાં રાખવું પડશે. ગયા વર્ષનું લવાજમ મોકલીને બંધ થયેલા ગ્રાહકોને "શ્રાવકના બાર વ્રત ઉપરની બાર કથા"ની બુક ભેટ તરીકે મોકલવામાં આવશે.

---

છપાઈને બહાર પડેલ છે.

## શ્રી શત્રુંજય મહાત્મ્ય.

### મહાત્મા શ્રી ધનેશ્વરસૂરિ કૃત સંસ્કૃત પદ્યાત્મક ગ્રંથનું ખાસ દેખરેખથી થયેલું ગુજરાતી ભાષાંતર.

આ પુસ્તકની અમારી તરફથી બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામાં આવેલ છે. આવું શુદ્ધ અને સરસ ભાષાંતર જો કોઈ પણ બીજા ગ્રંથનું થયું હોય તો ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રનુંજ થયેલું છે. જે બંનેને માટે અમે પૂરતી ખાત્રી આપી શકીએ છીએ. નિર્ણયસાગરની પ્રશંસનિય છાપ, સરસ બાઈંડીંગ, ઉંચા કાગળ. કિંમત રૂ.૨-૮-૦ સભાસદ માટે રૂ. ૧-૧૪-૦

---

## શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

પર્વ ૧ લું અને બીજું.

કિંમત રૂ. ૨-૪-૦ પ્રકાશના ગ્રાહકોને માટે રૂ. ૧-૧૨-૦

સભાસદને માટે રૂ. ૧-૧૧-૦

સુંદર ટાઈપ, ઉંચા કાગળ, ઉત્તમ બાઈંડીંગ, શુદ્ધ ભાષાંતર.

---

આ ચોપાનીયું અમદાવાદ—'એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ'માં નથુભાઈ રતનચંદ મારફતીઆએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈનધર્મ પ્રકાશ.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;

નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૧ મું. સં. ૧૯૬૧ અષાડ. અંક ૪ થો.


## વ્રતદ્રઢતા—સૂર્યયશા.

### देहस्य सारं व्रतधारणं च ।

ગુરૂમહાત્માના ઉપદેશથી, ગ્રંથના વાંચનથી અથવા સત્સંગના અમુક વખતે મનુષ્યોનું મન બહુ ઊંચ દશામાં વર્તતું હોય છે, વ્યાખ્યાનમાં ગુરૂ મહારાજનો ઉપદેશ અસરકારક શબ્દોમાં સાંભળવામાં આવે અથવા કોઇ હૃદયને ચોટે એવી રસિક કથા સાંભળવામાં આવે ત્યારે થોડો વખત મન બહુ આર્દ્ર થઇ જાય છે. એ અનુભવીઓ અવલોકનથી જોઇ શક્યા હશે, અથવા અનુભવી પણ શક્યા હશે આ ઉપરાંત ગુણવાન માણસોની નજીકમાં એવી પવિત્ર હવા (atmosphere) હમેશાં રહે છે કે તેઓની સાથે વાતચીત કરવાનો પ્રસંગ ન આવે તોપણ તદ્દન જવા આવવાના પ્રસંગના પ્રભાવથીજ ચિત્તમાં એક જાતની સુવાસ પેદા થાય છે, અને સંસાર અથવા તેના અમુક પદાર્થનું યથાર્થ રૂપે દર્શન થાય છે. આવા આવા પ્રસંગો મનુષ્યજીવનમાં બહુ થોડા આવે છે, અને આવે છે ત્યારે પણ પ્રાકૃત મનુષ્યો તેનો પૂરતો લાભ લઇ શકતા નથી. અત્ર પ્રસ્તુત હકીકત એ છે કે અખંડ આનંદની વાનકી જેવા આવા પ્રસંગો આવે ત્યારે તેને સમજવો અને પૂરતો લાભ લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહનું માહાત્મ્ય કહો કે વિભાવદશા તે સ્વભાવદશા થઇ ગઇ છે તેને લીધે થઇ પડેલો મનુષ્યસ્વભાવ કહો, પણ એટલું તો ચોક્કસ છે કે જ્યારે સંસારમાંથી—અથવા તેના કોઇ પણ ભાવમાંથી ઊંચે આવવાનાં ફાંફાં મારવાં પડે છે ત્યારે સંસારમાં રટણ કરવું એમાં કોઇને કાંઇ શિખવું પડતું નથી. તેથી એટલું સ્પષ્ટ છે કે ઉક્ત પ્રસંગો મનુષ્યજીવનમાં બહુ ઓછા આવે છે અને આવે છે ત્યારે પણ ઘણુંખરૂં તો ઉપર ઉપરની વાતોની ગીડાશમાં ચાલ્યા જાય છે. હવે ઉપર કહ્યું તેમ મનુષ્યભવનો અને મળેલ જ્ઞાન અથવા શક્તિનો સદુપયોગ એજ છે કે આવા પ્રસંગે જે વિચારો થાય તે સતત જાળવી રાખવા. મનુષ્યજીંદગીની સાફલ્યતા આ નાના સૂત્રમાં સમાઇ જાય છે.

આ વાત વધારે સ્પષ્ટ કરવાની જરૂર છે. દાખલા તરીકે એક વિદ્વાન વક્તાએ એક મોટા શહેરમાં ભવ્ય સભામંડપ સમક્ષ **ન્યાયસંપન્ન વિભવ** અથવા **સત્ય વ્યવહાર** એ વિષયપર મોટું વ્યાખ્યાન આપ્યું-ભાષણ આપ્યું કે 'પ્રમાણિકપણા સાથે સત્યવચનથી વ્યવહાર કરનારને બહુ લાભ થાયછે, કદાચ શરૂઆતમાં થોડુંઘણું ખમવું પડે છે પણ પરિણામે તેનોજ જય થાય છે; તેવી રીતે વર્તન કરનાર ઘણા માણસો સુખી થયા છે.' આ પ્રમાણે એ વિદ્વાન્ વક્તાએ બતાવી આપ્યું. પરિણામ શું થયું. બહાર આવી લોકોએ વાત કરી કે આજે ભાષણ બહુ સારૂં થયું. કથા દ્રષ્ટાંતો પણ બહુ સારાં આપ્યાં વિગેરે વિગેરે. ઘણાખરા પ્રાકૃત મનુષ્યો અત્રે વિરમી જાયછે. આથી વધારે આગળ ચાલનારા માણસો ઘેર અથવા દુકાને જઇ વાત કરે છે અને વધારે ધર્મિષ્ઠ માણસો રાતના અવકાશે વાર્તારૂપે બધું કહી દે છે. પણ વિદ્વાન્ ભાષણ—વ્યાખ્યાનકર્ત્તાની પ્રશંસા અને કથાનું રસિકપણું એ બેના વખાણ કરવા ઉપરાંત આગળ ચાલનારા કેટલાક માણસો હોય છે. તેઓ આવે પ્રસંગે નિર્ણય કરે છે કે હવેથી આ જીવનમાં અસત્ય કે અપ્રમાણિક વ્યવહાર કરવો નહિ.

આવા શુભ પ્રસંગે જે વિચારો થાય છે તે સહૃદય હૃદયપર બહુ સારી અસર કરે છે, પણ મોહને લીધે વિભાવથી થયેલા સ્વભાવાનુસાર આવા વિચારો બની રહેવા બહુ મુસ્કેલ છે, અને પૂર્વપુરૂષો મનુષ્યોની આ નબળાઇ સમજી તેઓપર ઉપકાર કરવા માટે કેટલીક યુક્તિઓ કરી ગયાછે. થયેલા શુભ વિચારોને જાળવી રાખવાની આ યુક્તિ સર્વ પ્રજાઓમાં પ્રચલિત છે. જૈનલોકો તેવે પ્રસંગે પચ્ચખ્ખાણ કરે છે એટલે કે આખા જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી અમુક પ્રકારનું વર્તન કરવા માટે પોતે નૈતિક બંધન (moral binding) કરે છે, બીજા લોકો વ્રત કરે છે તે પણ પચ્ચખ્ખાણ જેવાંજ છે, સુધરેલી પ્રજાઓ અમુક principles એટલે જીંદગીના નિયમો કરે છે, અને ગમે તેવા કષ્ટે પણ તે નિયમને અનુસરતા મુકતા નથી. આ સર્વનો મુખ્ય મુદ્દો એજ છે કે અમુક શુભ સંજોગોમાં થએલ મનશુદ્ધિ—વિચારરાશિ તેજ દશામાં જળવાઇ રહી આખી જીંદગીનો એક ભાગ બની જાય.

વ્રતનિયમની જરૂરીઆત કેટલી છે તે આ ઉપરથી સમજાય છે, અને વ્રતનિયમ જેવું કાંઇ પણ ન હોય તો દરેક મનેવિકારના અનુકૂળ પ્રતિકૂળ પવનના સપાટાને વશ રહેલ આ જીવ ગમે તે દિશામાં સ્વૈરપણે પ્રવર્તી આખું જીવન બગાડી નાખે એ તદ્દન બનવાજોગ છે. ઘણા માણસોને વ્રત પચ્ચખ્ખાણ નકામા લાગે છે (humbug જેવાં લાગે છે); પણ તેનો ઘણો મોટો ઉદ્દેશ છે તે આટલા ઉપરથી સ્પષ્ટ થશે, એટલુંજ નહિ પણ વ્રતનિયમ-પચ્ચખ્ખાણ જેવું કાંઇ પણ ન હોય તો આ જીવન તદ્દન અસ્થિર, ધડા વગરનું, શુકાન વગરના વહાણ જેવું બની જાય એ સ્પષ્ટ છે. ટુંકામાં **વ્રતનિયમ સંસારસમુદ્રની સફરે નીકળેલા જીવનવહાણમાં શુકાનનું કામ કરે છે.**

હવે આ શુકાનને જાળવી રાખવું, બગડવા દેવું નહિ અથવા કદાચ બગડી જાય તો રીપેર કરાવવું એ વહાણના માલીકની ખાસ ફરજ છે. આ પ્રસંગે એટલું કહેવાનું છે કે જેઓ વ્રતનિયમ વગરના હોય છે એટલે કે જેઓ શુકાન વગરજ વહાણ ચલાવવાની બુદ્ધિવાળા હોય છે તેઓને માટે આ વિષયમાં કાંઇપણ જાણવા જેવું મળશે નહિ. હવે શુકાન સહિત વહાણ ચાલ્યા પછી પણ કેટલીકવાર બહુ મુસ્કેલી આવે છે. મનુષ્યસ્વભાવનું અવલોકન કરનારા કહે છે કે મનોવિકારો અને વ્રતનિયમો વચ્ચે મારામારી ચાલે છે, અને તે વખતે પ્રાણીના મનોબળ ઉપર બધી વાતનો આધાર રહે છે. નબળા વહાણવટીના શુકાનો તે વખતે ભાંગી જાય છે, નાશ પામે છે, અને વહાણ પછી ગમે તે દિશામાં ચાલે છે. મધ્યમ વહાણવટીના શુકાનો તે વખતે જરા બગડે છે, પણ પાછા તે સુધારી લે છે; જ્યારે અનુભવી વહાણવટીનું શુકાન બરાબર કામ કરી ધાર્યા પ્રમાણે ગતિ કરે છે, અને સમુદ્રયાત્રામાં બરાબર પાર પહોંચે છે. આવીજ રીતે દૃઢવ્રતવાળાઓ આખા જીવનમાં શુકાનને જરાપણ બગડવા દેતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગડવાનો પ્રસંગ આવતાં પહેલાંજ ચેતી જાય છે, આવે છે ત્યારે સાવધ રહે છે, અને ગમે તેવા મનોવિકારોને વશ થતા નથી. આવા વહાણવટી હોય તેજ ફત્તેહમંદ ગણાય છે.

અમુક નિયમ કર્યા પછી તેમાં પાછા પડવું, તેમાં ઘટાડો કરવો એ બધી નબળાઇની નિશાની છે. ઉત્તમ જીવોનો મુખ્ય ઉદ્દેશ એજ હોવો જોઇએ કે વ્રતો ચોકસ વિચાર કરીનેજ લેવા, તેને બરાબર પાળવા, અને તેમાં હમેશાં વધારો કરવો. હમેશાં એકડા ઘુંટયા કરવા એ શુરાનું કામ નથી. જીવનના ઉચ્ચ આશયવાળાએ તો જીવનને જેમ બને તેમ ઉત્તમ કરવું; તેને દોરવવાના નિયમો ( guiding principles) માં વધારો ( progress ) કરવો, અને ગમે તેવા ભોગે, ગમે તેટલા ખરચે અને ગમે તેવી સ્થિતિમાં ગ્રહણ કરેલા નિયમો પ્રાણાંતકષ્ટે પણ મૂકવા નહિ. આવા દૃઢ આગ્રહવાળા જીવનનીજ આ દુનિયામાં કાંઇ પણ જરૂર છે, બાકી તો અનંત પ્રાણીઓ સંસારયાત્રા કરી ચાલ્યા જાય છે, અને દુનિયાની સપાટીપર તેઓની કાંઇ ગણના થતી નથી. વળી ઉક્ત ઉત્તમ પ્રકારના જીવનવાળાઓને કાંઇ બધી દુનિયા એક સરખી રીતે માન આપતી નથી; કેટલીકવાર તેઓના વર્તન માટે કેટલાક ટિકા પણ કરે છે, પરંતુ શુદ્ધ મણિ હોય છે તે શુદ્ધજ છે. અપ્રસિદ્ધ, સાદું પણ ઉચ્ચ જીવન પૂર્ણ કરવું એ દરેકની ફરજ છે; 'દરેક માણસ મોટો થઇ શકતો નથી અને થવાને બંધાયેલો પણ નથી, પણ ઉચ્ચ જીવન વહન કરવાને બંધાયેલો છે.' ઉક્ત પ્રકારના અપ્રસિદ્ધ મહાશયોનું જીવન એજ ખરેખરૂં ઉપયોગી છે, અને મનુષ્યજીવનનો સાર પણ એજ છે.

વળી જ્યારે શુભ પ્રસંગનો લાભ લઇ પચ્ચખ્ખાણ નિયમ સંકલ્પ કર્યા હોય ત્યારે તે જાળવી રાખવો એ પ્રત્યેક પ્રાણીની ફરજ છે; કારણકે પચ્ચખ્ખાણનો કિંચિત્ પણ ભંગ કરવો એ માનસિક અને વાચિક અસત્ય છે; અને મનને છેતરવું એ પણ મહા પાપ છે. દુનિયાની દૃષ્ટિમાં આ પાપ ઓછું લાગે છે, કારણ કે દુનિયાને તેનો ખ્યાલ હોતો નથી, પણ આત્મિક દૃષ્ટિમાં તેની અસર બહુ વધારે થાય છે.

મનુષ્યો પોતાનું જીવન ઉત્તમ મનુષ્યોના વર્તનને અનુસરતું કરવા સારૂ ઘણીવાર ભાવના મૂર્તિ ( ideal ) હૃદય સમીપ રાખે છે, અને તે મૂર્તિના વર્તન અનુસાર પોતાનો જીવનપ્રવાહ દોરે છે. અમુક પ્રસંગોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનામૂર્તિવાળું જીવન કેવી રીતે વર્તે છે તેનો વિચાર કરે છે, અને તે શુદ્ધ વિચારો કરીને અટકી ન રહેતાં પરિણામે પોતાનો વ્યવહાર પણ તેવો જ કરે છે, આ પણ એક જાતનું વ્રત છે; અને તેમાં દૃઢ રહેવું એ વર્તનનો ઉચ્ચ આશય, ચારિત્રનો પરમ માર્ગ અને પાર્થિવ જીવનની સફળતા છે. સંસારમાં દુઃખ છે એમ કહેવાય છે તે સત્ય છે, પણ એક રીતે તે તદ્દન ખોટું છે. મહાન્ પુરૂષોના ચારિત્રનું અનુકરણ કરનાર, ઉપશમ અને અખંડ શાન્તિથી જેઓના મનને એક પણ મનોવિકાર લાગતો નથી; એવા મનુષ્યોને સંસારમાં કશું દુઃખ નથી. તેઓની કલ્પના શુદ્ધ છે, વિચારશક્તિ શુદ્ધ છે, વર્તન શુદ્ધ છે, ચારિત્ર શુદ્ધ છે, અને સર્વ શુદ્ધ છે. દુઃખ તેઓ પર અસર કરતું નથી; કારણ કે ભાવના દૃઢ છે, ઉત્તમ છે. અને તદનુસાર વર્તન ઇષ્ટ છે.

દૃઢ ભાવનામય જીવનવાળા મનુષ્યો તદ્દન અપ્રસિદ્ધ રહે છે એમ નથી. કેટલીકવાર દુનિયા તેઓને જાણી લે છે, જો કે તેઓને દુનિયા વખાણે છે કે તિરસ્કારે છે તે તરફ તેઓનું ધ્યાન હોતું નથી, તેઓને તેની દરકાર પણ હોતી નથી. **હરિશ્ચંદ્ર** રાજા સત્યની બાબતમાં દૃઢ પ્રતિજ્ઞાવાળો હતો તેનું ચારિત્ર જોઇએ તો આશ્ચર્ય થાય છે, અને તેવીજ રીતે જૈનશાસ્ત્રમાં અનેક જીવનવૃત્તાંત વાંચતાં એજ ખ્યાલ આવે છે. આસન્ન ઉપકારી **વીર પરમાત્મા** ઉપર સંગમદેવ વિગેરેના ઉપદ્રવો અને **ગજસુકુમાળ, સ્કંદક, અવંતિસુકુમાળ** પરના ઉપદ્રવો અને દૃઢતા-ભાવના કરવા જેવી છે. અત્ર **સૂર્યયશા**નો વૃત્તાંત અસરકારક હોવાથી જરા વિસ્તારથી લખવામાં આવે છે.

શ્રી **આદિનાથ** ભગવાનના પુત્ર ચક્રવર્તી **ભરતના** નિર્વાણ પછી તેના મોટા પુત્ર **સૂર્યયશા** ભરતક્ષેત્રની ત્રિખંડ પૃથ્વીનું રક્ષણ કરવા લાગ્યા. આ જીવનમાં વડિલનું શૌર્ય, દૃઢતા અને ધર્મપર શુદ્ધ આસ્થા મિશ્ર થયેલી હતી સંસારજીવનની સાથે **મન** સંસારથી નિરક્ત હતું, પંકજની જેમ સંસારથી દૂર રહેતું, અને તે છતાં પ્રજાનાં સુખસાધનો તરફ જરાપણ ઓછું ધ્યાન આપતું નહોતું. વિશાળ પૃથ્વી અને બત્રીશહજાર સ્ત્રીઓ ભર્તા સંસારથી પરાઙ્મુખ કેવી રીતે રહી શકે એ કોઇને આશ્ચર્ય જેવું લાગશે, પણ જેઓ વિશુદ્ધ જીવન પાળી આ લોક અને પરલોકમાં વિજયપતાકા ફરકાવવા માટે ભાગ્યશાળી થવા નિર્મીત થએલા હોય છે તેઓ આકાંક્ષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધી શકે છે. આદિનાથના પૌત્રને એક નિયમ હતો કે અષ્ટમી અને ચતુર્દશીએ પૌષધ કરવો, અને ઉપવાસ કરવો; મતલબ કે આખા માસમાં રાજ્યભાર તથા ભોજનત્યાગ કરી શકાય નહિ તેથી મહિનામાં ચાર દિવસ સર્વ પ્રકારે ત્યાગ કરી આત્મદશા જાગૃત કરવી, શુદ્ધ ભાવના ભાવવી અને પરમાત્મધ્યાન માટે તૈયારી કરવી. આ નિયમમાં દઢ રહેવું એ તેનો સંકલ્પ હતો, અને તે અનુસારેજ તેનું વર્તન હતું.

અન્યદા સૌધર્મદેવલોકના ઇંદ્રનું ભરતક્ષેત્ર તરફ ધ્યાન ગયું, તે વખત જ્ઞાનથી તેણે સૂર્યયશાની દઢતા જોઇ, મનમાં વિચાર થયો કે 'આટલી સમૃદ્ધિ છતાં મારાથી એક પણ વ્રત થઇ શકતું નથી, અને આ સૂર્યયશાની દઢતા તો ખરેખર પ્રશસ્ય છે.' આ વિચારમાં ને વિચારમાં તેણે મસ્તક ધુણાવ્યું. ઇંદ્રે જ્યારે પોતાની સભામાં મસ્તક ધુણાવ્યું ત્યારે **ઉર્વશી**એ પૂછ્યું— "હે સ્વામિન્! અત્યારે યુક્તિથી ભરપૂર કાવ્ય કોઇ બોલતું નથી કે અપ્સરાઓ મધુર ગીત અથવા સુંદર નૃત્ય કરતી નથી; તેમ છતાં આપે શા પ્રસંગને લીધે મસ્તક ધુણાવ્યું તે સમજાતું નથી, માટે જરા કૃપા કરીને તેનું કારણ કહેશો." ઇંદ્રે સર્વ સભા સાંભળે તેમ કહ્યું—"અત્યારે મારાં જ્ઞાનચક્ષુ જંબૂદ્વીપના ભરતક્ષેત્ર તરફ લાગ્યાં છે. ત્યાં સાત્વીક જનોમાં શિરોમણિ શ્રી ઋષભદેવ ભગવંતના પૌત્ર અને ચક્રવર્તી ભરતના પુત્ર સૂર્યયશા અયોધ્યા નગરીમાં રાજ્ય કરે છે તેણે અષ્ટમી અને ચતુર્દશીને દિવસે ઉપવાસ અને પૌષધવ્રત કરી સર્વ સંસારી વિષયોનો ત્યાગ કરવા નિશ્ચય કર્યો છે. આ બાબતમાં તેનો નિશ્ચય એટલો દઢ છે કે દેવતાઓ પણ તેને ચળાવી શકે તેમ નથી; ગમે તેમ થાય તોપણ સૂર્યયશા પોતાની દઢતામાંથી ખસે તેમ નથી. તે જાણીને મને ચમત્કાર થવાથી મેં મસ્તક ધુણાવ્યું છે." આ વચન સાંભળી ઉર્વશી વિવેકની ખાતર સામો ઉત્તર તો આપી શકી નહિ, પણ મનમાં વિચાર કરવા લાગી કે 'સ્વામીપણું આવું છે. એક મનુષ્યના વખાણની પણ હદ હોય છે. સાત ધાતુથી બનેલા શરીરમાં રહેનાર મનુષ્ય મારા જેવી અથવા **રંભા** જેવીના ગાયન આગળ શું ટકી શકનાર છે! ગમે તેવો દઢ મનુષ્ય પણ તે પ્રસંગે પોતાનો વિવેક ભૂલી જાય એમાં નવાઇ નથી. તેથી ઇંદ્રનું વચન ખોટું પાડવા આ વખત તો બરાબર યુક્તિ લગાવીને સૂર્યયશાને તેના નિયમથી ભ્રષ્ટ કરી દઉં તોજ મારૂં નામ ઉર્વશી ખરૂં.' આવો વિચાર કરી રંભાને બોલાવી. જ્યારે સ્ત્રીઓ એક બા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમાં નિર્ણય કરે છે ત્યારે પછી તેમાંથી પાછી હઠતી નથી, અને સ્વીકૃત એવા પ્રકારનો છે કે તેમાંથી તેને અટકાવવાનો પ્રયાસ નિરર્થકજ જાય છે. રંભાને સમજાવી સાથે લઇને ઉર્વશી મનુષ્યદેહ ધારણ કરી પૃથ્વીપર આવી.

અયોધ્યા નગરની સમીપમાં શ્રી આદિનાથ પ્રભુનું ભરતચક્રીએ કરાવેલું સુંદર ચૈત્ય હતું. ચારે તરફ વિશાળ ઉદ્યાન હતું, અને વચ્ચે અલૌકિક કારીગરીવાળું ગગનતળનો સ્પર્શ કરતું મંદિર હતું. ઉત્તમ પોશાક અદ્ભુત રૂપ, અલૌકિક કાંતિ, હાથમાં વીણા અને પગમાં નેઉર પહેરી મનુષ્યણીના રૂપમાં રંભા અને ઉર્વશીએ પ્રભુ સન્મુખ ગાન કરવા માંડયું. ગાયનકળાની ખુબી એવી છે કે તેના રસમાં પડેલ પ્રાણી પોતાની જાતને પણ ભૂલી જાય છે. રંભા ને ઉર્વશીનું ગાયન સાંભળી પક્ષીઓ પણ સ્તબ્ધ થઈ ગયા. વખત જતો ગયો તેમ ગાયનમાં મીઠાશ વધતી ગઇ.

આ સમયે અશ્વક્રીડા કરીને સૂર્યયશા પાછો આવતો હતો. ધર્મ સન્મુખ છતાં પોતાની શારીરિક કસરતને પણ ચૂકતો નહોતો. મંદિર નજીક આવતાં મંદિરનું સ્મરણ થયું. પ્રભુને વંદન કરવા તે તરફ અશ્વને ગતિ આપી. જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ મધુર નાદ કર્ણપર આવવા લાગ્યો. મંત્રી અને સૈન્ય સાથે હતું, તેઓ પણ કર્ણસુખ અનુભવવા લાગ્યા. અશ્વો પણ સ્થિર થઇ ગયા. આ વખત સૂર્યયશા પોતાના મંત્રીને કહે છે કે "મંત્રિન્! મોહરસના સાગરની ભરતીએ વાર્યા હોય તેમ સૈનિકો ચાલવાને અશક્ત થઇ ગયા છે. અહા! જગતમાં અનંત સુખનો હેતુ નાદ છે. નાદ અનંત સુખનો આધાર અને દુઃખના સમૂહનો ઘાતક છે. નાદથી દેવ સંતુષ્ટ થાય છે, નાદથી ધર્મ ઉત્પન્ન થાય છે, નાદથી રાજાનો અર્થ સધાય છે, અને નાદથી સ્ત્રી પણ વશ થાય છે. આ નાદ જો ગુરૂના યોગથી અનંતપણે કર્યો હોય તો હેલામાત્રમાં પરમાનંદ સુખને પણ આપે છે. ચાલો, આપણે પ્રભુને નમીએ, અને નાદસુખ પણ અનુભવીએ." આમ વિચારી સૂર્યયશા દેરાસરમાં ગયો, પ્રભુને નમ્યો ને સ્ત્રીઓને જોઇ સ્તબ્ધ થયો, વિચારમાં પડી ગયો, અને વારંવાર તેઓપર દૃષ્ટિ નાખી બહાર નીકળ્યો. બહાર બેસી મંત્રીને તેઓનું કુળાદિ પૂછવાની આજ્ઞા કરી. મંત્રીએ તેમની પાસે જઇ કેટલાક સવાલો કર્યા, ઉત્તરમાં રમણીઓએ જણાવ્યું કે 'તેઓ વિદ્યાધરની પુત્રીઓ છે, નાનપણથી નાદકળામાં શોખ ધરાવનારી છે, કુંવારી છે, પિતાએ યોગ્ય વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધ્યો પણ મળ્યો નહિ તેથી તે દરેક અર્હત્ ચૈત્યોની યાત્રા કરવા નીકળી છે.' આ વાત દરમીયાન મંત્રીએ જરા કહી નાખ્યું કે 'સૂર્યયશાનો અને તમારો સંગમ શ્રેષ્ઠ છે, કારણ કે તેઓ ભરતચક્રીના પુત્ર છે; બળવાન, કુશળ, સૌમ્ય અને સદ્‌ગુણી છે.' આના ઉત્તરમાં રમણીઓએ પણ જણાવી દીધું કે 'અમે તો સ્વાધીનપતિ ( પોતાનું કહ્યું કરે તેવો પતિ ) વિના બીજાને વરવા ઇચ્છતી નથી.' રાજાની સંમતિથી મંત્રીએ તેઓને કહ્યું કે "રાજા હમેશાં તમારાં વચનને માન્ય કરશે, તેમ છતાં અન્યથા કરે તો મારે તેનો નિષેધ કરવો." શરત કબુલ થઇ, આદીશ્વર પ્રભુની સાક્ષીએ પાણિગ્રહણ થયું. સૂર્યયશા સંસારમાં મુંઝી ગયો, રસીક સ્ત્રીઓએ તેને ફસાવ્યો, રાજ્યકાર્ય-પ્રજાધર્મ ચૂક્યો, ધર્મ અને અર્થ કરતાં કામપુરૂષાર્થને મુખ્યતા મળી; એ રીતે પૂર્ણિમાએ થયેલા લગ્નને સાત દિવસ વ્યતીક્રમ્યા.

સાતમને દિવસે રાજા ગવાક્ષમાં બેઠા છે ત્યાં ઉદ્‌ઘોષણા થઇ કે "આવતી કાલે અષ્ટમીપર્વ છે, માટે તેનું આરાધન કરવા સર્વેએ આદર સહિત તત્પર રહેવું." જૈનરાજ્યનો આ પ્રભાવ કેવો આનંદદાયી છે! આખા રાજ્યમાં દયા ધર્મ અને જિનભક્તિ થાય એ દિવસો તો ગયા! પોતાનું વ્રત સંભારી આપનાર આ ઉદ્‌ઘોષણા સાંભળી સુજ્ઞવીર ચેત્યો, પણ હવે તેનું મન નિરંકુશ નહોતું. રંભા અને ઉર્વશીએ તરતજ હથિયારો (માનસિક ) સજ્જ કર્યા. રાજાને પૂછ્યું કે 'આ ઉદ્‌ઘોષણા શેની થાય છે?' સૂર્યયશાએ કહ્યું-" પિતામહે અષ્ટમી અને ચતુર્દશી એ મહાપર્વ કહ્યાં છે, પિતાએ તેનું આરાધન કર્યું છે, અને મેં પણ તે ધારણ કર્યાં છે. આ બંને પર્વો ખંડિત ન થાય તો તેના આરાધનનું પુણ્ય સ્વર્ગ અને મોક્ષને આપે છે. આ પર્વોમાં ગૃહવ્યાપારનો ત્યાગ કરવો અને સ્નાન, સ્ત્રીસેવા, કલેશ, હાસ્ય, માત્સર્ય, ક્રોધાદિ કષાય, મમતા, પ્રમાદ વિગેરે કાંઇ પણ કરવું નહિ. તે દિવસે ઉપવાસાદિ તપ કરવો અને ગુરૂ સમીપે રહેવું. મારો આ દૃઢ નિશ્ચય છે, અને લોકોનું તે પર્વના આરાધન તરફ ધ્યાન ખેંચવા સારૂ દરેક સાતમે અને તેરશે મારી આજ્ઞાથી આવો પટહનાદ કરવામાં આવે છે."

હવે ઉર્વશીએ પોતાનું રૂપ પ્રકાશ્યું. રાજાને પ્રથમ તો સામ વચને સમજાવવા લાગી-" સ્વામી! આપને આવું રાજ્ય, આવું રૂપ અને આવી ભોગની જોગવાઇ છે છતાં મિથ્યા તપકષ્ટ કરી શું કામ શરીરને કષ્ટ આપો છો? ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવો, ફરીવાર આવો જોગ ક્યાંથી મળશે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે મારૂં માનો તો હાલ તો સુખભોગ ભોગવો, નહિતો પછી પસ્તાશો." સૂર્યયશાને આવાં નાસ્તિક તુલ્ય વચનો સાંભળી તુરત ક્રોધ આવી ગયો, અને જેમ ધર્મ સન્મુખ જીવો આવા પ્રસંગોમાં આવેશમાં આવી જાયછે, તેમ તે ગુસ્સો કરીને બોલ્યો–" અરે અધમ સ્ત્રી ! તારાં રૂપ, ચાતુર્ય અને વિદ્યાને ધિક્કાર છે! તને ધર્મપર પ્રેમજ નથી. સર્વ વસ્તુ તપથી મળી શકે છે. મનુષ્યભવ કે રાજ્ય તેનાથીજ મળેલાંછે, માટે તેની જ્યોગવાઇ છે ત્યારે ધર્મ કરી લેવો જોઇએ. ધર્મ ન કરે તેને પશ્ચાત્તાપ થાય છે. તેથી મારા વડીલે બતાવેલું આ વ્રત પ્રાણ જતાં પણ હું તો છોડીશ નહિ." રાજા ધારતો હતો કે આટલેથી વાત ધીમી પડશે, પણ ઉર્વશી હવે ખીલી નીકળી અને બોલી–" રાજન્ ! અગે પૂર્વકર્મના પરિપાકથી આપને વર્યા તેમાં અમારી ભૂલ થઇ. અમે સુખ અને શીલ બંને ગુમાવ્યું. આપ સાત દિવસમાંજ પોતાનું વચન વિસરી ગયા તો અમારૂં સુખ નાશ પામ્યું. હવે જીવવું નકામું છે, માટે અમારે સારૂ ચિતા ખડકાવો."

રાજાને તો આ વાત બહુ ભારે પડી; વચન જાય તે પણ ખોટું અને વ્રતજાય તે તો સર્વથા ખોટું, તેથી જરા ધીમો પડી બોલ્યો–"હે સ્ત્રી ! તારે જોઇએ તે બીજું માગી લે, પણ મારૂં વ્રત તો છુટશે નહિ. તારે જોઇએ તો ભંડાર, રાજ્ય કે સર્વસ્વ લઇ લે, પણ જેમાં ધર્મનો વિનાશ થાય તેવું કાર્ય મારી પાસે કરાવીશ નહિ." ઉર્વશી બોલી–" વચન પાળવું એ તો સારૂં છે; પણ આવું સામાન્ય કામ કરી શકતા નથી તો રાજ્ય શું આપી શકશો ? તે છતાં અમારા વિદ્યાધર પિતાના ઐશ્વર્યનો અમે દરકાર કરી નથી તો પછી તમારૂં રાજ્ય અમારે શું કામનું છે ? કારણ કે તેમાં કાંઇ અમારૂં વચન રહેતું નથી. છતાં એ આપનાથી નજ બને તેમ હોય તો આ યુગાદિ પ્રભુનો પ્રાસાદ ભાંગી નાખો." આ વચન સાંભળવાથી તો સૂર્યયશાના ક્રોધનો પાર રહ્યો નહિ. પોતે કરેલા વચનપર અંતઃકરણથી તિરસ્કાર થયો, અને મૂર્છા આવી ગઇ. ધર્મપર દૃઢ શ્રદ્ધાવાનને ધર્મકષ્ટ આવે છે ત્યારે આવીજ સ્થિતિ થાય છે રાજા થોડીવારે સાવધ થયો અને બોલ્યો–" અરે અધમસ્ત્રી ! તમારી બોલી ઉપરથી તમારા કુળની અધમતા જણાઇ આવે છે. તમે વિદ્યાધરપુત્રી નથી, પણ ચાંડાલપુત્રી જણાઓ છો. પણ હવે વધારે બોલવું ઉચિત નથી. ધર્મનો નાશ ન થાય એવી કોઇ પણ વસ્તુ માગી લો. રાજ્ય, અશ્વ, ગજ અને રત્નાદિ સર્વ જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોપણ અને પ્રાણનો નાશ થતાં પણ પર્વનો કે જિનપ્રાસાદનો લોપ હું નહિ કરૂં."

ઉત્તરે ઉર્વશી બોલી—"આમ એક પછી એક વાત કહો છો તે તમને ઉચિત નથી, તેમાં આપનું ભૂષણ નથી. છતાં હવે છેલ્લું કહું છું કે એ બંને વાત બને તેમ ન હોય તો આપના પુત્રનો આપના હા શિરચ્છેદ કરો."

આ વચન સાંભળી રાજાને મનમાં હેબત લાગી ગઇ, આખા સ્ત્રી ઉપર તિરસ્કાર થઈ ગયો; પણ બીજો રસ્તો ન હોવાથી ખડ્ગ હાથમાં લ ઇને બોલ્યો—"હે સ્ત્રી! આ પુત્ર મારાથીજ ઉત્પન્ન થયો છે તો તેને બ દલે મારૂંજ મસ્તક તારા હાથમાં આપું છું." આમ કહી ખડ્ગ ઉગામી ડો નમાવી રાજાએ ખડ્ગ ચલાવ્યું. ઉર્વશીએ પોતાની શક્તિથી ખડ્ગની ધાર બાંધી લીધી. રાજા નવીન ખડ્ગ લેવા ગયો, એટલે ઉર્વશીએ અને રંભાએ પોતાનું દૈવીસ્વરૂપ પ્રકાશ્યું, અને બોલી—"હે સત્યવ્રત શિરોમણિ! આ પનું સત્ય અને ધૈર્ય અલૌકિક છે. આપે પ્રાણત્યાગે પણ વ્રતત્યાગ કર્યો ના તેથી ઇંદ્રે આપની પ્રશંસા કરી તે ઉચિતજ છે." આમ અનેક પ્રકારે ખાણ કરી કેટલીક વસ્તુઓ ભેટ કરી તે રમણીઓ સ્વર્ગમાં ગઇ.

અત્ર પ્રબંધ પૂરો થયો. 'ધર્મને અર્થે પ્રાણનો ત્યાગ કરવો પણ પ્રાણ માટે ધર્મ નો ત્યાગ કરવો નહિ.' એ સૂત્ર અત્ર સાર્થ થયું. વ્રતપર દઢતા રાખવી જોઇએ. ઉ મ ચરિત્રવાનનો આજ માર્ગ છે. આ દષ્ટાંત શાસ્ત્રપ્રસિદ્ધ છે. આવાં બીજાં પા અનેક દષ્ટાંતો છે. મોક્ષગમન માટે દઢવ્રત એ ખાસ જરૂરનો વિષય છે. સારા સ યમાં થયેલ શુભ મનોવૃત્તિનું બની રહેવું એ વ્રતથીજ થઇ શકે તેમ એક શ્લોકમાં કહે છે કે "ધર્મનું આખ્યાન (ભાષણ) શ્રવણ કરતાં, સજ્જ નની ગોષ્ઠીમાં, સ્મશાને અને રોગીપણામાં મનુષ્યની જે બુદ્ધિ થાય છે બુદ્ધિ જો નિશ્ચલ રહે તો સંસારના બંધનથી કોણ મૂકાય નહિ?" બુદ્ધિને નિશ્ચલ કરવાનું કારણ વ્રત છે, અને તેની દઢતાનો ગુણ સાથે અ વી જાય તો પછી આ વિશ્વમાં અદ્ભુત આશ્ચર્ય નજરે દેખી શકાય. આ ઉદ્દેશ એટલોજ છે કે પ્રથમ સારા પ્રસંગો પાડવા, તે વખતે દઢ સંકલ્પો કર વા અને પછી સિંહની જેમ તેમાં દઢ રહેવું.

મૌક્તિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रवास वर्णन.

(અનુસંધાન પૃષ્ટ ૬૮ થી)

## વીરમગામ.

જામનગરથી નીકળ્યા બાદ મોરબીમાં પ્લેગ ચાલતો હોવાથી મોરબી, વાંકાનેર બંને સ્થાન. પડતાં મૂકી વઢવાણકાંપ થઇને વીરમગામ જવું થયું. અહીં ઉતરવાનું ખાસ કારણ એ હતું કે **શ્રીમદ્યશોવિજયજી જૈન પાઠશાળા, બનારસ**ની વાર્ષિક મીટીંગ ફાલ્ગુનવદિ ૩ ની હતી તેમાં હાજર થવાની જરૂરીઆત હતી. આ પાઠશાળામાં વ્યવસ્થાપક કમીટીમાં ૪૦ ઉપરાંત મેમ્બરો હોવા છતાં અને બહુ દિવસ અગાઉ આમંત્રણપત્રિકા મોકલાવ્યા છતાં બહારગામથી માત્ર બે ત્રણ ગૃહસ્થોજ પધાર્યા હતા. વાર્ષિક જનરલ સભાનું કામ રીતસર ફાલ્ગુન વદિ ૩ જે કરવામાં આવ્યું હતું. શેઠ ગોપાળભાઇ લક્ષ્મીચંદ માંડલનિવાસીના પ્રમુખપણા નીચે મીટીંગ મળી હતી. કમીટીના ગૃહસ્થો ઉપરાંત ત્યાંના સંઘમાંથી કેટલાક ગૃહસ્થો પધાર્યા હતા. સંવત ૧૯૬૭ નો વાર્ષિક રીપોર્ટ સહકુ પાઠશાળાના ઓ. સેક્રેટરી **માસ્તર રતનચંદ મુળચંદે** તથા વાર્ષિક હિસાબ **પરી. છોટાલાલ ત્રીકમદાસે** વાંચી સંભળાવ્યો હતો. તે કમીટીએ પસાર કર્યો હતો. નવા વર્ષ માટે બજેટ પસાર કરવામાં આવ્યું હતું. મેમ્બરોની સંખ્યામાં કેટલાએક લાયક માણસોનાં નામો ઉમેરવામાં આવ્યાં હતાં; અને બીજા કેટલાએક જરૂરના ઠરાવો કરી મીટીંગ બરખાસ્ત થઇ હતી. આ કમીટીનો રીપોર્ટ છપાવાનો હોવાથી તેમાં થયેલા ઠરાવો સંબંધી વધારે હકીકત અહીં લખવામાં આવી નથી.

બનારસમાં સ્થપાયેલી આ પાઠશાળા **મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજ**ના શિષ્ય **મુનિરાજશ્રી ધર્મવિજયજી**ના પ્રબળ પ્રયાસનું પરિણામ છે. એઓ સાહેબ ત્યાં રહી તે સંબંધમાં તનમનથી રાત્રિ દિવસ પ્રયાસ કર્યા કરે છે. વિદ્યાર્થીઓને દરેક પ્રકારની સહાય આપવામાં આવે છે. વિદ્વાન્ શાસ્ત્રીઓ અભ્યાસ કરાવવા માટે રાખવામાં આવેલા છે. તેમના પગારનું તથા રસોડા વિગેરેનું ખર્ચ માસિક રૂ. ૫૦૦) ઉપરાંત છે. થોડા

For Private And Personal Use Only

વખતમાં એ પાઠશાળાએ ત્યાંના વિદ્વાનોની સારી ચાહના મેળવી છે. તેઓ એને માટે સારી આશા રાખે છે. આપણે ઇચ્છીએ છીએ કે સર્વેનું આ આશા ફળીભૂત થાઓ, અને મુનિરાજ શ્રી ધર્મવિજયજીનો પ્રયાસ અમોઘ સ્થિતિને પામો.

## ઉદેપુર સ્ટેશન.

વીરમગામથી કેશરીઆજીની યાત્રા કરવા જવા માટે ઉદેપુર સ્ટેશને ઉતરવું પડે છે. રેલવે ભાડું રૂ. ૫-૫-૦ લાગે છે. વીરમગામથી આણંદ ન ઉતરતાં વડોદરે જનારો ત્યાંથી ગરબારી રતલામ સુધીની ટ્રેન મળી શકે છે. રતલામથી ટ્રેન બદલવી પડેછે. ત્યાંથી ચીતોડ રાત્રિના ૧૦ વાગે પહોંચાડે છે. ત્યાં સ્ટેશન ઉપર રાત્રિ રહી સવારના ૬ વાગે ચાલતી ટ્રેનમાં બેસી ઉદેપુર ૧૧ વાગે ઉતરાય છે કેશરીઆજી જવા માટે સ્ટેશનપરજ ગાડીઓ અને ટાંગા ( ઘોડાગાડી ) મળી શકે છે. ભાડાનો રીવાજ એક સરખો નથી બેલગાડી છ ઉતારૂને બેસારે છે અને આવવા જવાના ( કેશરીઆજીમાં ત્રણ દિવસ રહેવાની સરતે ) છ રૂપીઆથી બાર રૂપીઆ સુધી લે છે મેળાના વખતમાં ભાડું વધે છે. બાકીના વખતમાં છ સાત રૂપીઆ બેસે છે. બેલગાડીઓ ઘણે ભાગે માર્ગમાં બે રાત્રિ કરે છે. ટાંગાવાળા એક રાત્રિ કરે છે. જો પ્રભાતમાંજ ચાલે તો ટાંગાવાળા તે દિવસેજ સાંજે પહોંચાડે છે. તેમ સારા બળદવાળા ગાડી પણ એકરાત્રિ કરીને પહોંચાડે છે. માર્ગ સુમારે ૧૮-૨૦ ગાઉ છે. માર્ગમાં નવ જગ્યાએ આવતાં ને જતાં ચોકી આપવી પડે છે. તેનો દર ચોકસ બાંધેલો છે. ફાલ્ગુન વદિ ૮ ના મેળા ઉપર ચોકી વધારે આપવી પડે છે. તેનો ખર્ચ બેસનારને માથે હોય છે. દરેક ગાડીને આવતા જતાના મળી સુમારે ચાર રૂપીઆ ચોકીના થાય છે. આ તરફ ચલણ ચીતોડી રૂપીઆનું હોવાથી અને તેની કીંમત સુમારે તેર આના કલદાર (મુંબઇગરા) ની હોવાથી તે રૂપીઆ તેમજ તે ચલણના રૂપીઆ કે જે એક ચીતોડી રૂપીઆના ૨૫૬ અથવા તેથી ઓછા વધતા મળે છે તે સાથે રાખવાની જરૂર છે. કેમકે તે પૈસા આપવાથી ચોકીદાર વિગેરે લોકો સહેજે સમજી શકે છે અને ફાયદો થાય છે.

## કેશરીઆજી.

કેશરીઆજીનું તીર્થ ઉદેપુરના રાજ્યના તાબામાં છે. ગામનું નામ

For Private And Personal Use Only

કુંભેર છે તેના માલીકો તે તીર્થનાજ છે. તે તીર્થનો વહીવટ કરવા માટે એક કમીટીનું બંધારણ કરેલું છે પણ તે હાલ નામનુંજ થઇ પડ્યું છે. કેમકે વખત કમીટી મળતી નથી અને વહીવટની સંભાળ લેતી નથી. તે કમીટીના પ્રમુખ તરીકે અથવા ઉદેપુર રાજ્ય તરફથી ધર્માદા દેવાલયો વિગેરે ખાતાં સંભાળવા માટે રોકેલા ખાતાના અધિકારી તરીકે હાલના દીવાન સાહેબ **કોઠારી બળવંતસિંહજી** તે તીર્થના વહીવટની પણ સંભાળ રાખે છે. રાજ્ય તરફથી એક અધિકારી જેને દરોગો કહે છે તેને નીગાને મોકલવામાં આવે છે. તે તમામ વહીવટ સંભાળે છે અને દરેક કામ પોતાના ઉપરી તરીકે રાજ્યની અથવા દીવાન સાહેબની મંજુરી અનુસાર કરાવે છે. દીવાન સાહેબ જાતિએ ઓસવાલ છે. તેઓ સાહેબ હાલમાં ઢુંઢક મત પાળતા હોવાથી તીર્થની સંભાળ તરફ ઓછું લક્ષ આપે છે અથવા ઉપેક્ષા ધરાવે છે એમ કહેવામાં આવે છે. તેઓ સાહેબની મુલાકાતનો લાભ મળતાં આ તીર્થ સંબંધી ઘણી વાત થઇ; તેને પરિણામે એમ સમજાયું કે તેઓ બહુ વિચારશીલ છે. તીર્થ તરફ તેઓ સાહેબની કાંઇક લાગણી પણ છે પરંતુ બહુ વખતથી ત્યાં જવાયું નહીં હોવાથી તેમજ બીજાં કેટલાક કારણો હોવાથી કાંઇ થઇ શકતું નથી. આ તીર્થનો વહીવટ ખરી રીતે કહીએ તો રાજ્યના હાથમાંજ છે. આપણા સમુદાયનો બીલકુલ કબજો કે માલેકી જેવું દેખાતું નથી તેનું કારણ માત્ર ઉદેપુરના અને બીજા શ્રી સંઘની એ સંબંધમાં ઉપેક્ષા છે તેજ જણાય છે.

**શ્રાવક મગનલાલ પુંજાવત** અને **લક્ષ્મીચંદજી દીપચંદજી** ઠીક સંભાળ રાખે છે પરંતુ સમુદાયની એકતા વિગેરે ન હોવાથી તે સંઘનો સંતોષ ઉત્પન્ન થાય તેમ નથી.

શ્રી કલકત્તા નિવાસી **શ્રાવક વલ્લભજી હીરજીએ** ત્યાં પુષ્કળ ચીની ખાનું તથા બીજી વસ્તુઓ મોકલાવેલી છે. ચાંદીની પાલખી તથા અષ્ટમંગળ કરાવ્યા છે અને દેરાસરમાં સુંદર કાચકામ તથા રંગકામ કરવા માટે કાચ તથા રંગ વિગેરે મોકલેલ છે. તે સંબંધી તમામ કામ શ્રાવક મગનલાલ પુંજાવત મારફત ચાલે છે. કુંભેર ગામની બહાર નજીકમાંજ વાડીઆજીના પગલાં છે તેની દેરીમાં ઘણું સુંદર કાચકામ થયેલું છે અને ત્યાં સુમારે બે ત્રણ હજાર રૂપીઆનો ખર્ચ કરવામાં આવેલો છે. કામ જોવા લાયક છે. દેખાવ બહુ રમણિક થએલો છે. દેરાસરજીમાં પણ એવુંજ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ થાય તેમ છે પરંતુ રાજ્ય તરફથી તે કામ તથા રંગકામ બી કરાવવામાં આવેલું છે. કોરેલા કાચ અને આવેલો રંગ બગડી જાય છે જ તે બાબત ધ્યાનમાં લેવામાં આવતી નથી. ખર્ચ કરનાર ગરબાર્યો હો છતાં કામ ન થવા દેવું તે કેટલું બધું ખેદકારક છે! ઉદેપુરના રાજ્યાધિકારીઓએ તેમજ શ્રી સંઘે આ બાબત લક્ષ આપવાની જરૂર છે.

ફાલ્ગુન વદિ ૮ **શ્રી ઋષભદેવજીની** જન્મતિથિ હોવાથી તે દિવસે ત્યાં મોટો મહોત્સવ થાય છે—મોટો વરઘોડો ચડે છે અને તે બાર **પગલાંજી** જાય છે. રાજ્ય તરફથી વરઘોડા માટે ખાસ હાથી, ઘોડેસ્વા પાયદળ લશ્કર અને તોપ વિગેરે ત્યાં આવે છે. એ વરઘોડાને ત્યાં સ્વા કહેવામાં આવે છે. તે સ્વારી જોવા લાયક હોય છે. બરાબર તેજ વક્ત ઊ જવાનું થવાથી તે જોવાનો લાભ મળી શક્યો હતો. સ્વારી બપોર પ ચડાવવામાં આવી હતી. મુખ્ય મંદિરજીથી સ્વારી ચાલતાં ૧૧ તોપ ફો ડવામાં આવી હતી. તોપ બે હતી તેનો સામાન ઘોડાપર લાવેલો હતો. સ્વા માં પ્રથમ પુતળી અને ધ્વજાઓ યુક્ત ફરતા બે ઇંદ્રધ્વજો, પછી હા ઉપર જરીનું નીશાન, બે તોપો, નગારાં નિશાનની બે જોડ, રસાલાના સ્વાર, ઇન્ફંટ્રીનું બેંડ, ઇન્ફંટ્રીના સીપાઇઓ ૫૦, મંદિરજીના સીપાઇઓ કુકડી, મંદિરજીનું બેંડ, કોતલના સુશોભિત ઘોડાઓ, મોટી ધ્વજાઓ રૂપાના અષ્ટમંગળિક, ગાયન ટોળી, બાદ છડીઓ, ચામરો, સાંખુણા, આડંબર છત્ર અને મોટા પંખાઓ સહિત પંચતીર્થી યુક્ત ચાંદીની પા ઓ, પાછળ લામણદીવડો અને ચાંદીના મેરૂ લઇને ચાલતો સ્ત્રીવર્ગ— પ્રમાણેની મોટા ઠાઠમાઠ સાથે ચાલતી સ્વારી પગલાંજી ગઇ હતી. ત્યાં સ ત્ર અને અષ્ટપ્રકારી પૂજા કર્યા બાદ સ્વારી પાછી ફરી હતી. ત્યાં પહોંચ પાછી ફરતાં અને મંદિરજી પહોચતાં—એમ ત્રણ વખત પણ ૧૧-૧૧ તો ના અવાજો થયા હતા. યાત્રાળુઓ ઉપરાંત સંખ્યાબંધ ભીલ લોકો દ કરવા આવેલા હોવાથી માણસોની ભીડ પારાવાર હતી. એકંદર રીતે સ્વારી જોવા લાયક ચડી હતી.

અહીં મૂળનાયકજી શ્રી ઋષભદેવજીની મૂર્તિ શ્યામ વર્ણી છે અને બહુજ કેશર ચડતું હોવાથી **કેશરીઆજી**ના નામથી ઓળખાય છે. હજા રૂપીઆનું કેશર ચડે છે. મૂળ નાયકજીની આંગી હીરાજડિત મોટી કિ તની છે, તે ચડે છે ત્યારે ચારે બાજુ ઝળહળાટ થઇ રહે છે. જરા

For Private And Personal Use Only

પ્રભુને ચડાવવામાં આવતા નથી પરંતુ કચ્છોટ વિગેરેના આકારથી મૂર્તિ શ્વેતાંબરી છે. બાકી બાવન જિનાલય વિગેરેમાં ઘણી મૂર્તિઓ છે તે વિષે કાંઈ નિરધાર થઈ શકતો નથી. મંદિરજીમાં પેસતાં ડાબા હાથપર **શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજીનું** મંદિર છે. એ મૂર્તિ ખાસ શ્વેતાંબરાચાર્ય પ્રતિષ્ઠિત છે. તેવા લેખ પણ મૂર્તિ નીચે છે. આ મૂર્તિ પણ સુંદર અને પ્રભાવિક છે.

આ તીર્થ અધિષ્ઠાયકની જાગૃતિવાળું હોવાથી ત્યાં યાત્રાળુઓ દર વર્ષે પુષ્કળ આવે છે. આવક સારી છે. ખર્ચ વ્યવસ્થા વિનાનું છે અને કેટલુંક તદ્દન કાઢી નાખવા જેવું છે. મંદિરની ઉજળામણ બહુ ઓછી છે. કારણ કે મંદિરની મરામતમાં બીલકુલ ખર્ચ કરવામાં આવતો નથી. અહીંના ઉપજ ખર્ચ વિગેરેની ઘણી માહિતી મેળવી છે પણ તે બાબત ઉપર લક્ષ આપનાર કોઈ ન હોવાથી અહીં વધારે લખવું નકામું છે.

## ઉદેપુર.

કેશરીઆજીથી પાછા ઉદેપુર આવીને જે તરફ જવાનું હોય તે તરફ જવાય છે. એક રસ્તો બિરવાડાની છાવણી તરફ છે પણ તે તરફ ગમનાગમન બહુ ઓછું થાય છે. ઉદેપુરમાં જિનમંદિર ૩૪ છે. કેટલાંક મંદિર તો બહુજ રમણિક અને ખાસ દર્શન કરવા લાયક છે. દરવાજા બહાર ચોગાનમાં શ્રી પદ્મનાભજી (આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકરનું) મંદિર બહુજ વિશાળ છે. આખા હિંદુસ્થાનમાં આવતી ચોવીશીના પ્રભુનું આ એકજ મંદિર છે. મૂળનાયકજીના બિંબ બહુ મોટા છે. બીજા ચાર બિંબ પણ બહુ મોટા અને સુંદર છે. આ મંદિરને લગતા બીજા ૩ મંદિરો છે. શહેરની અંદર કેશરીઆજી (ઋષભદેવજી) નું તથા વાડીમાં ઋષભદેવજીનું, ગોડી પાર્શ્વનાથનું અને શીતળનાથજીનું મંદિર વિશાળ છે. **વિઘ્નહરા પાર્શ્વનાથજીનું** મંદિર નાનું પણ સુંદર છે. એકંદર દરેક મંદિર દર્શન કરવા લાયક છે. આ શહેરમાં બીજું પણ જોવા લાયક છે.

અહીં એક જૈનશાળા સ્થાપન કરવામાં આવેલી છે અને એક કોન્ફરન્સ કમીટી નીમાએલી છે. તેના આગેવાનોને એકઠા કરી કોન્ફરન્સના સંબંધમાં અસરકારક શબ્દોમાં કહેવામાં આવ્યું. તેમણે સુકૃતભંડારની યોજના સ્વીકાર કરી છે એમ જણાવ્યું અને તે પ્રમાણે ઉઘરાવવાનું કામજ બાકીમાં છે એમ કહ્યું તેથી તે બાબતસાર વધારે કહેવાની જરૂર રહી નહી.

ત્યાંના દીવાન સાહેબ કોઠારી બળવંતસિંહજીની મુલાકાતનો લાભ મળતાં બીજી ઘણી વાતોની સાથે કેશરીઆજી તીર્થ સંબંધી તમામ અગત્યો નિવેદન કરવામાં આવી, જેના ઉત્તરમાં તેઓ સાહેબે તે બાબત યોગ્ય ધ્યાન આપવા કબુલ કર્યું.

## ચીતોડ.

ઉદેપુરથી આ તરફ આવવામાટે **ચીતોડ** આવવું પડે છે. આવતાં રેલ ચાર કલાકનો રસ્તો છે. સ્ટેશનથી શેહેર બે માઇલ દૂર છે. શેહેરની અં બે દેરાસર છે. શેહેરને લગતો ચીતોડનો પ્રાચીન કીલ્લો ડુંગર ઉપર બળદગાડી તથા ઘોડાગાડી ઉપર ચડી શકે છે. ઘેરાવો લઇને ચડવાનું નવ દરવાજા ઓલંઘ્યા બાદ ઉપરનું પ્રાચીન શેહેર આવે છે. ત્યાં બેસુમ દેવાલયો, રાજમેહેલો તથા મોટી મોટી હવેલીઓના ખંડેરો જોવામાં આ છે. એક જિનમંદિર પણ એક કુંડના કીનારા ઉપર છે. પણ તેમાં રી સરની સ્થાપના કરેલ નથી. પ્રતિમાજી છુટા છે. હાલમાં બનારસણ વિ મરામતનું કામ ચાલે છે. આ કીલ્લા ઉપર એક મોટું સરોવર છે, કીર્તિસ્થંભ સંગેમરમરનો બનાવેલો ઘણો ઉંચો છે. એકંદર આ કી જોવા લાયક છે.

## રતલામ.

ચીતોડથી રતલામ જંકશન આવાય છે. ત્યાંથી માળવા ને ગુજરાત તરફના બે રસ્તા ફંટાય છે. રતલામ રમણિક શેહેર છે. જૈનવર્ગ બહોળી સંખ્યામાં ને સારી સ્થિતિમાં છે. **શેઠ ચાંદમલજી** મોટા ગૃહસ્થ છે. તે બગીચામાં સુંદર દેવાલય છે. તે શિવાય બાબાજીનું મંદિર બહુ વિ બાવન જિનાલયનું છે, બીજા પણ નાના મોટા જિનમંદિરો એકંદર ૧૪ તેમાં ૪-૫ તો બહુ વિશાળ છે. રતલામથી બે ગાઉ દૂર **બીબડોદ** પ્રાચિન ગામ છે ત્યાં બીબડોદજી ઉર્ફે શ્રી ઋષભદેવજી ( **કેશરીઆજી** સુંદર દેવાલય છે. મૂર્ત્તિ શ્યામવર્ણી અને બહુ પ્રાચીન ચમત્કારિક છે. મંદિરના ગઢની અંદર તેની ફરતા ચાર જિનમંદિરો છે. બીબડોદ માર્ગમાં **સાગાજી** ગામમાં એક દેરાસર છે અને રતલામથી એક ગાઉ **કરમદી** નામે ગામમાં બે જિનમંદિરો બહુ સુંદર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં ખાંભાજીના મંદિરમાં શ્રી સંઘ એકઠો કરવામાં આવ્યો. અને કોન્ફરન્સના સંબંધમાં ભાષણ કરવામાં આવ્યું. શેઠ ચાંદમલજી મોટા ગૃહસ્થ અને કોન્ફરન્સના પ્રોવીન્શીયલ સેક્રેટરી હોવાથી તેઓ સાહેબે સારું ઉત્તેજન આપ્યું; તેને પરિણામે દરેક ઘરદીઠ દર વર્ષે ચાર આની કોન્ફરન્સના સુકૃત ભંડારમાં મોકલવાના ચોક્કસ ઠરાવ થયો. સામાન્ય સ્થિતિવાળાને માટે ઘરદીઠ ચાર આના લેવાનું ઠરાવ્યું. અને ઘણા ગૃહસ્થોના નામ પરત્વે તેજ વખતે કેટલા કેટલા માણસોનું તેઓ આપશે તેની નોંધ કરવામાં આવી. અહીં શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં બે મેમ્બરોની વૃદ્ધિ થઈ.

## ઇંદોર.

રતલામથી ઇંદોર જવું થયું ત્યાં પ્રાતઃકાળમાં ટ્રેન પહોંચે છે. જિનમંદિર પાંચ બહુ સુંદર અને વિશાળ છે. અહીં જૈનશાળાનું સ્થાપન કરવામાં આવેલું છે. એક મુનિ એકલવિહારી અહીં એકઠા થતાં એકલા વિહારનું પરિણામ બહુ અનિષ્ટ લાગવાથી તે બાબત ઘણું કહેવામાં આવ્યું. **લાલાજી કુંજીલાલજી** કરીને અહીં એક વિચક્ષણ શ્રાવક છે. ધર્મચર્ચા કરવાના ખંતીલા છે.

અહીં શ્રી સંઘની મીટીંગ બોલાવવામાં આવી; માણસો સારી સંખ્યામાં આવ્યું હતું. કોન્ફરન્સ સંબંધમાં ભાષણ આપતાં બહુ સારી અસર થઈ. તે ઉપરથી કેટલાક ઠરાવો કરવા વિષે પ્રેરણા કરતાં રોકાવાતો આગ્રહ કરવામાં આવ્યો, તેમ ન બનવાથી હવે પછી ફરીને સંઘ એકત્ર થઈ તે બાબતમાં ઠરાવ કરવા જણાવ્યું.

## મગસીજી.

ઇંદોરથી મગસીજી જતાં વચ્ચે ફતેહાબાદનો જંકશન ટ્રેન બદલવી પડે છે. **મગસીજી** ઘણું પ્રાચીન તીર્થ છે. ગામનું નામજ મગસી છે. સ્ટેશનપરથીજ મંદિર દેખાય છે. સ્ટેશનથી લગભગ અરધો માઇલ ગામ દૂર છે. મંદિરને લગતી ધર્મશાળા છે તેમાં યાત્રાળુઓ ઉતરે છે. ધર્મશાળા શ્વેતાંબર સમુદાયનીજ બંધાવેલી છે. મંદિર બહુ સુંદર છે. પ્રતિમા પ્રભાવિક છે. એ સંબંધમાં સંવત ૧૯૬૦ના પ્રવાસ વર્ણનમાં વિશેષ લખેલ હોવાથી અત્ર ફરીને લખવા જરૂર નથી.

આ તીર્થના સંબંધમાં દિગંબરીઓ સાથે ગ્વાલીયર સરકારની કોર્ટમાં તકરાર ચાલતાં હાલમાં એવો ફેંસલો આપેલો છે કે [illegible] સવારે [illegible]થી [illegible] સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે કલાક દિગંબરી ભાવાયું કોઇ આવેલ હોય તો તે પોતાની રીતિ પ્રમાણે પૂજન કરે ત્યાર પછી શ્વેતાંબર વર્ગ આખો દિવસ ને રાત પોતાના રિવાજ પ્રમાણે પૂજન આંગી ભક્તિ વિગેરે કરે" આ પ્રમાણે બરાબર અમલ થવા માટે રાજ્ય તરફથી એક અધિકારી ને ચાર સીપાઇઓ રાખવામાં આવેલ છે અને તેનો ખર્ચ બંને ગચ્છો માથે અર્ધોઅર્ધ નાખેલો છે. આ બાબત બહુ વિચાર કરવા જેવી છે, તકરારનું મૂળ ઊભું રહ્યું છે અને વિના કારણ ખર્ચ માથે પડેલો છે. **બાબુસાહેબ રાય બદ્રીદાસજી બહાદુરે** ઘણો પ્રયાસ કર્યા છતાં હજુ સંતોષકારક પરિણામ આવેલું નથી પરંતુ એવા કામમ સતત મંડ્યા રહેવાની જરૂર છે. થાકી જવાનું નથી. દીગંબરીઓનું ખાસ બીજું મંદિર જમણી બાજુએ ઉંચાણમાં છે. મૂળ મંદિરમાં મૂળનાયકજી શિવાય બીજા તમામ પ્રતિમાજીની ભકિત શ્વેતામ્બર સંપ્રદાય અનુસારજ થાય છે. તેને માટે વખત વિગેરેનો કોઇ પ્રકારનો પ્રતિબંધ નથી.

## ઉજ્જન.

મગશીથી ઉજ્જન બહુ નજીક છે. માત્ર છ આના રેલભાડું બેસે છે ઉજ્જન પ્રાચીન શેહેર છે. તેનું બીજું નામ **અવંતી** છે. **અવંતી પાર્શ્વનાથજીનું** પ્રાચિન મંદિર તેમની પ્રાચિન પ્રતિમા યુક્ત છે. અહીં બીજા ૧૪ જિનમંદિરો છે. **શ્રીપાળ** મહારાજાએ આરાધન કરેલ શ્રી ઋષભદેવજીનું મંદિર અહીં છે. આ શેહેર વિષે પ્રથમના પ્રવાસમાં લખવામાં આવેલ હોવાથી અત્ર વધારે લખવા જરૂર નથી. અહીં ચૈતર શુદિ ૧૩ની દિગંબરી દેવાલયની પ્રતિષ્ઠા ઉપર તેઓનો મોટો મેળો હતો. તેની મંડળ, વરઘોડા વિગેરેની કેટલીક ગોઠવણ જાણવા ને જોવા જેવી હતી. તે સંબંધી વધારે હકીકત આ વર્ણન વધી જવાના કારણથી અત્ર લખેલ નથી.

## ઉપસંહાર.

ઉપરના વર્ણન ઉપરથી કોન્ફરન્સ, સભા અને તીર્થના હિતના સંબંધમાં જે કાંઇ પ્રયત્ન કરવામાં આવ્યો છે તે લક્ષમાં આવી શકશે. જો ઠીક ઠીક જણાય તો સુજ્ઞ જૈનબંધુઓએ યાત્રા પ્રસંગમાં તેનું અનુકરણ અવશ્ય કરવું. વિશેષ લખવાની આવશ્યકતા નથી.

કુંવરજી આણંદજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી બનારસ જૈન પાઠશાળાનો વાર્ષિક મહોત્સવ.

ગયા ફાલ્ગુન વદિ ૩ ને શ્રી વીરબાગમાં પાઠશાળાની વાર્ષિક મીટીંગ સંવત ૧૯૬૦ ની સાલનો હીસાબ અને રીપોર્ટ મંજુર કરવા માટે મળી હતી અને તે પ્રસંગે બીજા પણ ખાસ ઉપયોગી ઠરાવો કર્યા હતા જે કે હાલ જુદા છપાવીને બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ હાલમાં વૈશાખવદી ૧૦ મે બનારસ મુકામે ત્યાં પાઠશાળા સ્થાપન કર્યાને એ વર્ષ પુરાં થતાં હોવાથી તે તિથિએ વાર્ષિક મહોત્સવ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ ઉપર શેઠ વીરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઈ. અને **શેઠ ગોકળભાઇ મુળચંદ** મુંબઇથી ખાસ પધાર્યા હતા. કલકત્તાથી **બાબુસાહેબ રાય બદ્રીદાસજી બહાદુર** પધાર્યા હતા. બીજા પણ કેટલાએક ગૃહસ્થો ઘણે દૂરથી પધાર્યા હતા.

વાર્ષિક તિથિને દિવસે મીટીંગ ભરવા માટે ખાસ પાઠશાળાના ચોગાનમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. તા. ૨૮-૫-૧૯૦૫ ની સાંજે ખાસ મીટીંગ ભરવામાં આવી હતી. બનારસવાસી જાહેર પુરૂષોને આમંત્રણ પત્રો મોકલવામાં આવ્યાં હતાં. સભાનું પ્રમુખ સ્થાન મધ્યપ્રાંતના લેફટેનન્ટ ગવર્નરની કૌન્સીલના મેમ્બર **ઓનરેબલ મુનશી માધવલાલે** સ્વીકાર્યું હતું. બાળપુરના કલેકટર **પંડિત રમાશંકર મીશ્ર** તથા **ઓનરેબલ પંડિત મદનમોહન માળવીયા** વિગેરેના પધારવાથી સભાનું મહત્વ વૃદ્ધિ પામ્યું હતું. **મુનિમહારાજ શ્રી ધર્મવિજયજીના** પ્રયાસથી સ્થપાયેલી **શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયના** નામથી અંકિત કરેલી આ પાઠશાળાનો બે વર્ષનો રીપોર્ટ સાંભળી સભાજનોએ અંતઃકરણથી ધન્યવાદ આપ્યો હતો. રીપોર્ટ વંચાઇ રહ્યા પછી બીજા પણ કેટલાએક ગૃહસ્થો બોલ્યા હતા. અંતે પ્રમુખ સાહેબે તથા ઓ. પંડીત મદનમોહન માળવીઆએ પોતાની તરફથી ખાસ સંતોષ જાહેર કર્યો હતો. પ્રમુખ સાહેબના હસ્તથી વિદ્યાર્થીઓને ઇનામ વહેંચાવવામાં આવ્યાં હતાં. અને સભાસદોના હર્ષ વચ્ચે મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પાઠશાળાના વાર્ષિક ખર્ચનું બજેટ રૂ૮૦૦૦) સુધીનું બે વર્ષ માટે મંજુર કરવામાં આવતાં તેટલા ખર્ચની રકમ પૂર્ણ કરવા માટે શેઠજી વીરચંદભાઇએ બે વર્ષ સુધી દર વર્ષે રૂ૯૦૦) અને શેઠજી ગોકળભાઇએ રૂ૫૦૦) એક વર્ષ માટે આપવાનું કબુલ કર્યું છે.

ઉપરાંત ત્રણ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયેલાઓને આ પાઠશાળામાં જૈન ફીલોસોફીનો અભ્યાસ કરવા માટે દાખલ કરવા અને તેને માસિક રૂ૫૦) સ્કોલરશીપ તરિકે આપવાનું ઠરાવવામાં આવ્યું છે. તેમાંના બે વિદ્યાર્થીઓને કોન્ફરન્સના ખર્ચે અને એક વિદ્યાર્થીને બાબુ સાહેબ બદ્રીદાસજી તથા શેઠજી વીરચંદભાઇ અને શેઠ ગોકળભાઇને ખર્ચે રાખવાનું મુકરર કરવામાં આવ્યું છે.

આ પાઠશાળા માટે ઘણું વિશાળ અને સુંદર મકાન શેઠ વીરચંદભાઇ અને શેઠ ગોકળભાઇની ઉદારતાવડે ખરીદ કરવામાં આવેલું છે. સદરહુ મકાન પુરતી સગવડવાળું હોવાથી તેની અંદર એક દેરાસરની સ્થાપના પણ કરવામાં આવી છે તેના ખર્ચ માટે રૂ૫૦૦૦) ની રકમ શેઠજી વીરચંદ **ભાઇના ધર્મપત્ની સૌ. ડાહીબા** તરફથી આપવામાં આવી છે.

સદરહુ પાઠશાળાની અંદર તા૦ ૧ લી જુને **શ્રી હેમચંદ્રાચાર્ય પુસ્તકાલય**ની સ્થાપના કરવામાં આવેલી છે. તેની અંદર સારો પુસ્તક સંગ્રહ કરવાની ધારણા છે. તેમાં એક કબાટ ઉત્તમ શૈલીના ગુજરાતી પુસ્તકોના સંગ્રહ યુક્ત શેઠજી વીરચંદભાઇની ધર્મપત્ની સૌ. ડાહીબા તરફથી અર્પણ કરવામાં આવ્યો છે.

આ પાઠશાળા ખાતે હાલમાં ૭ મુનિરાજ ને ૩૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઉપયોગી ગ્રંથો બહાર પાડવાનું કામ પણ ચાલે છે. હાલમાં શબ્દાનુશાસન લઘુવૃત્તિ તથા લિંગાનુશાસન અવચૂરિ સહિત બહાર પાડવામાં આવેલ છે. શુદ્ધ કરવા વિગેરેમાં સારો પ્રયાસ કરેલો છે. હજુ બીજા ગ્રંથો છપાવવાનું કામ પણ ચાલે છે. મુનિરાજશ્રી ધર્મવિજયજી તથા મુનિશ્રી ઇંદ્રવિજયજી વિગેરેનો પ્રયાસ બહુ સ્તુત્ય છે. સાથે ફત્તેહમંદ નિવડતો જાય છે.

હાલમાં **નેપાળ નરેશ કુમાર ગીરીવરજંગ બહાદુર** પાઠશાળાની મુલાકાતે પધાર્યા હતા. વિદ્યાર્થીઓનો અભ્યાસ વિગેરે જોઇ બહુ પ્રસન્ન થયા હતા. આ પાઠશાળા બનારસ ખાતે ઉઘાડવાથી જૈનતત્વોનું અપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાન કર્ણગોચર થતાં મોટા મોટા પંડિતો પણ ચમત્કાર પામે છે. જેથી જૈન ધર્મની ઉન્નતિનું પ્રબળ સાધન થઈ પડેલ છે. ઉદાર જૈન બંધુઓએ તેના તરફ દષ્ટિ કરી પોતાની ઉદારતાનો વ્યય કરવાની ખાસ આવશ્યકતા છે.

---

## ભારત વર્ષીય જૈન અનાથાશ્રમ—હીસાર.

નિરાધાર વિધવાઓ, માબાપ વિનાના બાળકો અને અશક્ત જૈનશખ્સોને મદદ આપવાને માટે **હીસારની** અંદર 'ભારતવર્ષીય જૈન અનાથાશ્રમ' ખોલવામાં આવેલ છે. મી. બન્કેરાય, બી. એ. એલ. એલ. બી. આ ખાતાના ઓ. જ. સેક્રેટરી છે. આવાં ઉત્તમ કાર્યમાં દરેક સખી જૈન ગૃહસ્થને મદદ કરવાની ભલામણ કરીએ છીએ. આ સંસ્થાના ઓર્ડીનરી મેમ્બર થવાની ફી વાર્ષિક રૂ.૫) છે, તથા લાઇફ મેમ્બર થવાની ફી રૂ. ૧૦૦ ) છે. કોઈ પણ પ્રકારના ભેદ શિવાય જૈન તરીકે ઓળખાતા શ્વેતાંબરી, દીગમ્બરી તથા સ્થાનકવાસી વિગેરેને યોગ્ય મદદ આપવામાં આવે છે.

## પુસ્તકોની પહોંચ.

**પશુવૈદક શાસ્ત્ર**—આ પુસ્તક ડાકટર **હરખચંદ અમુલખ શાહ** અમદાવાદવાળા તરફથી બહાર પડેલ છે. કિંમત રૂ ૨-૮-૦ છે. તેના અંદર મુંગા પશુઓનાં નામ, લક્ષણ તથા ચિકિત્સા સારી રીતે દર્શાવી છે, અને દવાનો ઉપયોગ કેમ કરવો તે પણ જણાવેલ છે. દરેક પાંજરાપોળ માટે આ બુક ઉપયોગી છે. બુકના પ્રમાણમાં કિંમત વધારે જણાય છે.

**દેશોન્નતિનો સરલ માર્ગ**—આ બુક '**શ્રી પાલીતાણા જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ**' તરફથી બહાર પડી છે. કિંમત રૂ. ૦-૩-૦ છે. પાલીતાણા ખાતે સ્થપાયેલી જૈનબોર્ડીંગમાં અભ્યાસ કરતા બાળકોએ સ્થાપેલી **આનંદવર્ધક સમાજમાં** આપેલા ભાષણોનો સંગ્રહ આ બુકમાં દાખલ કરવામાં આવેલ છે. બુક વાંચવા લાયક છે.

**શ્રી જૈન ગુણગાયન સંગ્રહ**-શ્રી **કોઠ આત્મારામજી જૈનશાળા** તરફથી બહાર પડેલ છે. કિંમત રૂ. ૦-૩-૬ છે. આવા ગાયનો કરતાં પ્રાચીન ગાયનો વધારે લાભ આપે છે.

**ત્રિભુવન વિરહ**—શ્રી જુનાગઢવાસી ડાકટર **ત્રિભુવનદાસ મોતીચંદ** પંચત્વ પામતાં તેના વિરહથી થયેલા ખેદને પ્રદર્શિત કરવા માટે

For Private And Personal Use Only

કરેલ પદ્યોનો સંગ્રહ આ બુકમાં દાખલ કરેલ છે. શા. પુરૂષોત્તમ કહાનજી ગાંધી તરફથી ભેટ મળેલી આ બુક સ્વીકારીએ છીએ.

**अनमोल रत्नोंका अद्भुत खजाना**—આ નામની હિંદુસ્થાની ભાષામાં લખાયેલી અને **શ્રી મેરઠ જૈન** પાઠશાળાના અધ્યાપક તરફથી શીલાછાપથી છપાયેલી બુક ૩૨ની કિંમત એક આનાની બુક ભેટ તરીકે આવી છે તે સ્વીકારીએ છીએ. બુક વાંચવા લાયક છે. શિખાઉઓને ખાસ ઉપયોગી છે. મંગાવનારે પ્રસિદ્ધ કર્તાને લખવું.

**શ્રી કચ્છી દશાઓશવાળ જૈનજ્ઞાતિનો સં. ૧૯૫૪થી ૧૯૫૯ સુધીનો દ્વિતીય રીપોર્ટ**—આ રીપોર્ટ વાંચવાથી પાંચ વર્ષની અંદર આ જ્ઞાતિએ કેવો પ્રોગ્રેસ કરેલ છે તે સ્પષ્ટ રીતે દૃષ્ટિગત થાય છે. એકંદર બહુ વિશેષ પ્રયાસ કરેલો છે. રીપોર્ટ ઘણા વિસ્તારથી લખાયેલ છે.

**શ્રીકચ્છી દશાઓસવાળ જૈન પાઠશાળાનો ચતુર્થ વાર્ષિક રીપોર્ટ**—સંવત ૧૯૬૦ સને ૧૯૦૪ ના આ રીપોર્ટનું અવલોકન કરતાં પાઠશાળાની વ્યવસ્થાથી અને છોકરાઓના અભ્યાસથી પૂરેપૂરો સંતોષ મળી શકે છે.

**મેસાણા શ્રીમન્મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના વહીવટનો સંવત ૧૯૫૮ થી ૧૯૬૦ સુધી વર્ષ ૩ નો હિસાબ**—આ પાઠશાળાના વહીવટ કરનાર **દોશી વેણીચંદ સુરચંદને** તેમના પવિત્ર પ્રયાસ માટે ધન્યવાદ ઘટે છે.

**શ્રી બોરસદ મુક્તિવિજયજી જૈન પાઠશાળાનો રીપોર્ટ**—(સંવત ૧૯૬૦ ના ફાગણ શુદ ૨ સુધીનો) આ પાઠશાળાને વધારે સારી સ્થિતિ ઉપર લાવવાની સ્થાનિક જૈનબંધુઓની ફરજ છે.

**શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડીંગ મુંબઈનો તથા શેઠ પ્રેમચંદ મોતીચંદ જૈન બોર્ડીંગ સ્કુલ અમદાવાદનો સને ૧૯૦૩-૦૪ નો રીપોર્ટ**—આ બોર્ડીંગની ઉત્તમ વ્યવસ્થા જોઈ અતિ આનંદ ઉદ્ભવે છે. પરદેશી વિદ્યાર્થીઓને આ બોર્ડીંગ આશિર્વાદ રૂપ થઈ પડેલ છે. દ્રવ્યવાન્ જૈન ગૃહસ્થોએ આ બોર્ડીંગના સ્થાપકોનું અનુકરણ કરવા યોગ્ય છે.

**વડોદરા પાંજરાપોળનો સં. ૧૯૫૯-૬૦ નો રીપોર્ટ**—આ પાંજરાપોળની સારી વ્યવસ્થાથી તેના કાર્યભારીઓને ધન્યવાદ ઘટે છે. વ્યવસ્થાપકો પ્રવીણ હોવાથી વ્યવસ્થા શ્રેષ્ઠ જણાય છે. રીપોર્ટ બહુ સંક્ષિપ્ત છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

**રાધનપુર પાંજરાપોળનો સં. ૧૯૬૭ ની સાલનો રીપોર્ટ**—આ રીપોર્ટ બહુ વિસ્તારવાળી હકીકત સંયુક્ત બહાર પાડવામાં આવેલ છે. આ પાંજરાપોળને મદદ કરવાની જરૂર છે. વ્યવસ્થાપકો પ્રવીણ હોવા સાથે પ્રતિતી વાળા છે. પ્રચાર પણ બહુ વિશેષ કરેલો દેખાઇ આવે છે.

**શ્રી ભાવનગર પાંજરાપોળનો પાંચમો વાર્ષિક રીપોર્ટ**—સંવત ૧૯૬૭ની સાલના ઉપજ ખર્ચના હિસાબ સાથેનો આ રીપોર્ટ આ માસિકના વૈશાખ માસના અંક સાથે દરેક ગ્રાહકને વહેંચવામાં આવેલ છે. તે વિષે વધારે ન લખતાં તે રીપોર્ટ જ આદ્યંત વાંચવા ભલામણ કરીએ છીએ; અને વાંચતાં જો તે પાંજરાપોળની સ્થિતિ મદદ કરવા યોગ્ય ગણાય તો તેને બનતી મદદ આપવાની પણ ભલામણ કરીએ છીએ.

**શા. મુળચંદ સરૂપચંદ શ્રી પાલેજવાળા** તરફથી પીતળની પેટી ૧ ધર્મ સંબંધીના પુસ્તકો ભરવા માટે ભેટ તરીકે મળેલ છે, જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. લખેલાં પુસ્તકો રાખવા માટે આવા ડાબડા સારૂં રક્ષણ આપી શકે તેમ છે. દેખાવ પણ બહુ સુંદર છે.

---

## શ્રી સુરતમાં શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળામાં થયેલો ભવ્ય મેળાવડો.

આ વિદ્યાશાળાનું સ્થાપન થયા બાદ દેખરેખ રાખનારાઓની સારી ચીવટ હોવાથી દિન પરદિન ચડતી સ્થિતિ થતી જાય છે. ધારવા પ્રમાણે ધાર્મિક કેળવણીમાં વૃદ્ધિ થઇ જણાતી નથી પરંતુ બીજી બધી રીતે સંતોષ ઉપજાવ્યો છે. એ વિદ્યાશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો એક ભવ્ય મેળાવડો જેઠ શુદ ૧૧ તા. ૧૭ મી જુન શનીવારે કરવામાં આવ્યો હતો. પ્રમુખ સ્થાન **રા. રા. કૃપાશંકર ભવાનીશંકર વ્યાસ** ( ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ ) ને આપવામાં આવ્યું હતું. બીજા પણ ઘણા સંભાવિત ગૃહસ્થોએ ભાગ લીધો હતો, સભાસ્થાન ચીકાર ભરાઇ ગયું હતું.

પ્રારંભમાં **મી. માણેકલાલ ઘેલાભાઇએ** આમંત્રણ કાર્ડ વાંચી સંભળાવ્યા બાદ **મી. ચુનીલાલ છગનચંદે** શાળાનો રીપોર્ટ અને હીસાબ વાંચી બતાવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સંસ્કૃત, માગધી, ઇંગ્લીશ અને ગુજરાતી ભાષામાં જુદાં જુદાં નવ રેસીટેશનો કહી સંભળાવ્યા હતા, જે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળી શ્રોતાઓના ચિત્ત બહુ રંજન થયા હતા. તેમાં પણ જેસી ગુજરાતી કવિતા બહુ વખણાઇ હતી.

ત્યારબાદ રૂ ૧૦૦ )ની કિંમતના પુસ્તકો વિદ્યાર્થીઓને ઇનામ તરીકે આપવામાં આવ્યા હતા, બહાર ગામના વિદ્યાર્થીઓને પગ ધોતીજોટા તથા ટોપીઓ આપવામાં આવી હતી અને તમામ માસ્તરો તથા નોકરોને શાક પાઘડી આપવામાં આવી હતી.

વિઝીટર બુકમાં **મી. લાલન** વિગેરેના શેરા ઉપયોગી બહુ થયેલા છે પરીક્ષાનું પરિણામ પણ સંતોષકારક આવેલું છે. શાળા માટે કાયમી ફંડની આવશ્યકતા છે.

ઇનામ વિગેરે અપાયા બાદ પ્રમુખ સાહેબે મેનેજરોને ધન્યવાદ આપ્યો હતો. રેસીટેશનોના સીલેકશન માટે વખાણ કર્યા હતા. અને ગુજરાતી સ્પીચ છપાવીને બહાર પાડવા સુચવ્યું હતું. શાળામાં ચાલતા અભ્યાસ માટે સંતોષ જાહેર કર્યો હતો અને આવાં ઉત્તમ કાર્યોનું અનુકરણ કરવા સૂચના કરી હતી.

ત્યારબાદ આ મેળાવડા સંબંધી ઇનામ વિગેરેનો તમામ ખર્ચ શેઠ **નગીનદાસ ઝવેરચંદે** લગ્ન પ્રસંગની ખુશાલીમાં આપ્યા બાદ તેઓ સાહેબને ધન્યવાદ આપી મેળાવડો બરખાસ્ત થયો હતો.

# જૈન ગ્રેજ્યુએટોને અગત્યની જાહેર ખબર.

હિંદુસ્તાનની ગમે તે યુનીવર્સીટીમાંથી પાસ થયેલા બી. એ. કે એમ. એ. શ્વેતાંબર પ્રતિમા પૂજક સંપ્રદાયના સંસ્કૃત ભાષા લીધેલા અને ખાસ વિષય તરીકે સાહિત્ય, તત્વજ્ઞાન કે પદાર્થ વિજ્ઞાનનો અભ્યાસ કરનારા જૈન વિદ્યાર્થીઓને શ્રી બનારસ જૈન પાઠશાળામાં રહીને જૈન તત્વજ્ઞાન તથા ન્યાયનો અભ્યાસ કરવા માટે દાખલ કરવામાં આવનાર છે. માસિક સ્કોલરશીપ દરેકને રૂ ૫૦ ) આપવામાં આવશે. સારાં વર્તનાદિ શાળા કારકીર્દીના સર્ટીફીકેટ સાથે **શ્રી બનારસ જૈન પાઠશાળા** તરફ દાખલ થવા ઇચ્છનારે અરજીઓ મોકલાવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર પડેલ છે.

## ચરિતાવળી ભાગ ૧ લો.

| | |
|---|---|
| વિભાગ પહેલો જયવિજય, હંસરાજ, લક્ષ્મીપુંજ. | ૦-૩-૦ |
| વિભાગ બીજો કળાવતી, શુભદ્રા, હંસ કેશવ, ચંદ્રચૂળ તથા ધનશ્રેષ્ઠીની કથા. | ૦-૫-૦ |
| વિભાગ ત્રીજો-શુકરાજ ચરિત્ર. | ૦-૫-૦ |
| વિભાગ ચોથો સરસ્વતી, કામલક્ષ્મી, પુણ્યસાર. | ૦-૫-૦ |
| વિભાગ પાંચમો-શૂરપાળ, ચંપકમાળા, રાજસિંહ. | ૦-૪-૦ |

આ દરેક વિભાગ જુદા જુદા બંધાવવામાં આવ્યા છે. અને પાંચે વિભાગની ભેળી બુક પણ બંધાવવામાં આવેલ છે. તેનું બાઈંડીંગ ઘણું સુંદર કરવામાં આવ્યું છે. આખી બુકની કિંમત ૧-૪-૦ રાખવામાં આવેલ છે.

## ચરિતાવળી ભાગ ૨ જો.

| | |
|---|---|
| વિભાગ પહેલો-યશોધર ચરિત્ર. | ૦-૮-૦ |
| વિભાગ બીજો બાર વ્રત તથા સમ્યકત્વ ઉપર કથા ૧૩ | ૦-૫-૦ |
| વિભાગ ત્રીજો ઉત્તમ કુળની દુર્લભતા વિગેરે ઉપર ૭ મોટી કથાઓ. | ૦-૪-૦ |
| વિભાગ ચોથો ધર્મ કરતાં રોકનારા તેર કાઠીઆની રસીક ને ઉપદેશક કથા. | ૦-૩-૦ |

આ દરેક વિભાગ જુદા જુદા બંધાવવામાં આવ્યા છે. અને ચારે વિભાગની ભેળી બુક પણ બંધાવવામાં આવી છે. તેનું બાઈંડીંગ ઘણું સુંદર કરાવવામાં આવેલ છે. આખી બુકની કિંમત રૂ ૧-૪-૦ રાખવામાં આવેલ છે.

## ચરિતાવળી ભાગ ૩ જો.

આ ત્રીજા ભાગમાં અમારી સભા તરફથી પ્રથમ ભેટ આપવા માટે છપાયેલા ચરિત્રો પૈકી પાંચ કે છ ચરિત્રો દાખલ કરવામાં આવશે. દરેક ચરિત્ર જુદા જુદા પણ બંધાવવામાં આવશે. વાર્તાના રસીક જૈન બંધુઓને આ બુકો ખરેખર આનંદ આપનાર છે. આવી બુકો આજસુધીમાં બીજી બહાર પડેલ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તક ભંડારના વ્યવસ્થાપકો તથા મુનિરાજ પ્રત્યે વિજ્ઞપ્તિ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ, પર્વ પહેલું, શ્રી આદિશ્વર ચરિત્ર. બાબુસાહેબ રાયબુદ્ધસિંહજી બહાદુર તથા શેઠ વિરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઇ. ની દ્રવ્ય સંબંધી સંપૂર્ણ મદદથી અમારી તરફથી બહાર પાડવામાં આવેલ છે અને બીજું પર્વ તૈયાર થવા આવ્યું છે. તેમજ આખું ચરિત્ર ( દશે પર્વ ) એઓ સાહેબના આશ્રયથીજ બહાર પાડવામાં આવનાર છે અને તેની એકેક નકલ હરેક પુસ્તક ભંડારમાં મુકવા માટે આપવાનું તેમજ સંસ્કૃતના અભ્યાસી હરેક મુનિરાજને ભેટ આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. તેથી વિનંતી કરવાની કે તેઓ સાહેબે પત્રદ્વારા મંગાવી લેવાની કૃપા કરવી. આ ગ્રંથ અત્યુત્તમ હોવા સાથે ઘણા મોટા પ્રમાણવાળો ( ૩૫૦૦૦ શ્લોકનો ) છે અને તે બનતી રીતે વિશેષ શુદ્ધ કરી નિર્ણયસાગર જેવા શ્રેષ્ઠ પ્રેસમાં જૈની ટાઇપથી છપાવવામાં આવે છે. જૈન બંધુઓને આ ગ્રંથ બહાર પડવાથી અસાધારણ લાભ મળવાનો છે. વેચાણ મંગાવનારાઓને પણ લગભગ બેઠી કિંમતેજ આપવાનું ઠરાવ્યું છે. પહેલા પર્વનું બાઇંડીંગ સહિત રૂ૧) રાખવામાં આવેલો છે. જૈનશૈલીનું તેમજ સંખ્યાબંધ શબ્દોનું જ્ઞાન મેળવવા માટે આ ગ્રંથ ખાસ ઉપયોગી છે. વિશેષ લખવાની આવશ્યકતા નથી.

---

## સામાયક ચૈત્યવંદન સૂત્રાર્થ.

સામાયક અને ચૈત્યવંદનમાં વપરાતા સૂત્રો અર્થ સહિત ગુજરાતી મોટા અક્ષરોમાં શીલા છાપમાં છપાવી અમારા તરફથી નાના અભ્યાસી બાળવયવાળાને અલ્પ કિંમતમાં લાભ આપવા માટે પ્રગટ કરવામાં આવેલ છે. જૈનશાળાઓ માટે તથા ઇનામમાં આપવા માટે કિંમત માત્ર પોણો આનો રાખવામાં આવી છે પરંતુ દશ નકલથી ઓછી આપવામાં આવશે નહીં. છુટક લેનાર માટે એક આનો રાખવામાં આવ્યો છે, બુક ને અક્ષર સુંદર છે. બાલ્યાવસ્થાના અભ્યાસી વધારે કિંમતની બુક ન લઇ શકે તેને માટે આ બુક ખાસ છપાવવામાં આવી છે. કિંમત પણ ઘટાડી દીધી છે.

For Private And Personal Use Only